શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્નું મુખપત્ર

सद्विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૫ અંક : ૯
સપ્ટેમ્બર : ૨૦૨૩

ભગવાન શ્રીસ્વામિનારાયણ

અમદાવાદ ગુરુકુલ ખાતે યોજાયેલ ભગવાન શ્રીકૃષ્ણ જન્મોત્સવ પ્રસંગે પ્રાગટ્ય આરતી તથા કલાત્મક હિંડોળાનાં દર્શન

પરમ પૂજ્ય જોગી સ્વામીની ૧૨મી પુણ્યતિથિ પ્રસંગે હૃદય કુટીરે ભાવપૂજન કરતા સંતો-ઋષિકુમારો
આ પ્રસંગે યોજાયેલ ગુણાનુવાદ સભામાં પૂજ્ય જોગી સ્વામીની પ્રતિમાનું પૂજન કરતા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, SGVP

જન્માષ્ટમી મહોત્સવ દરમિયાન કુરજી રામજી કંપનીને પચાસ વર્ષ પૂર્ણ થતા પરિવારજનોનું સન્માન કરતા પૂજ્ય સ્વામીજી, મોરેસિયસ

પૂજ્ય સ્વામીજી સંતમંડળ સાથે શિસલ્સ પધારતા ભક્તજનો દ્વારા સ્વાગત

પૂજ્ય જોગી સ્વામીની પાવન સ્મૃતિમાં જૂનાગઢ શ્રીરાધારમણદેવ તાબાના નૂતન મંદિરના ખાતમુહૂર્ત પ્રસંગે
ઉપસ્થિત પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, સંતો તથા ભક્તજનો - મુંગા વાવડી, રાજકોટ

ગુરુકુલ દર્શન

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય
પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણ

વર્ષ-૧૫, સપ્ટેમ્બર : ૨૦૨૩, અંક : ૦૯

-: પ્રકાશક તથા માલિક :-
બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨

તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૦ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

પ્રગટ થયા સહજાનંદ હરિ...

સહજાનંદ હરિ,
પ્રગટ થયા સહજાનંદ હરિ...ટેક.

વ્યાસ મુનિએ પૂર્વે જે કહી'તી,
તે વાત સાચી કરી...પ્રગટ૦ ૧

કૌશલ દેશમાં પ્રગટ્યા પોતે,
દ્વિજકુળ દેહ ધરી...પ્રગટ૦ ૨

અધર્મ કેરાં મૂળ ઉખાડી,
સદ્ધર્મ સ્થાપ્યો ફરી...પ્રગટ૦ ૩

નિષ્કુળાનંદ કહે દુર્ગપુર આવ્યા,
નીરખ્યા મેં નેણાં ભરી...પ્રગટ૦ ૪

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

GurukulParivar
GurukulParivar
swaminarayangurukul.org
darshan@sgvp.org

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણ

- સ્વામી માધવપ્રિયદાસ

વચનામૃતના પ્રવક્તા ભગવાન શ્રીસ્વામિનારાયણ 'શ્રીસ્વામિનારાયણ સંપ્રદાય'ના પ્રવર્તક છે.

મૂળ તો આ સંપ્રદાયનું નામ ઉદ્ધવ સંપ્રદાય છે. ભગવાન શ્રીસ્વામિનારાયણના ગુરુ રામાનંદ સ્વામી ઉદ્ધવજીનો અવતાર ગણાય છે. તેમણે આ સંપ્રદાયની સ્થાપના કરી છે.

સમય જતાં ભગવાન શ્રીસ્વામિનારાયણના અસાધારણ પ્રભાવને લીધે આ સંપ્રદાય 'શ્રીસ્વામિનારાયણ સંપ્રદાય' તરીકે પ્રસિદ્ધ છે.

સંપ્રદાયના લાખો નરનારીઓની દૃઢ અનુભૂતિ છે કે, 'ભગવાન શ્રી સ્વામિનારાયણ માત્ર સમાજસુધારક, ભક્ત કે સદ્‌ગુરુ નથી, પરંતુ 'વેદો અને સત્શાસ્ત્રો જેને પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ કહે છે, એ જ ભગવાન પૃથ્વી ઉપર ભગવાન શ્રીસ્વામિનારાયણ રૂપે પ્રગટ થયા છે.'

ભગવાન શ્રીસ્વામિનારાયણની હયાતીમાં જ લાખો નર-નારીઓ એમને પોતાના ઇષ્ટદેવ માનીને ઉપાસના કરતાં હતાં અને આજે પણ કરે છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણ પ્રત્યે આ લાખો નર-નારીઓની શ્રદ્ધા અકારણ નથી. આ શ્રદ્ધાને પુષ્ટ કરનારાં અનેક કારણો છે.

પહેલું કારણ, હજારો વર્ષ પહેલાં શાસ્ત્રોએ ભવિષ્યવાણી દ્વારા ઘોષણા કરી છે, 'પરબ્રહ્મ પરમાત્મા સ્વયં ભગવાન શ્રીસ્વામિનારાયણ રૂપે અવતાર ધારણ કરશે.'

સ્કંદપુરાણમાં વાસુદેવ મહાત્મ્યના અધ્યાય અઢારમાં ભગવાન વાસુદેવનારાયણ બ્રહ્માજી પ્રત્યે કહે છે કે, "હે બ્રહ્મન! અર્જુન સાથે કૃષ્ણ રૂપે મારા વડે હણાયેલા અસુરો જ્યારે પૃથ્વીમાં અધર્મ પ્રવર્તાવશે ત્યારે...

ધર્મદેવાત્ તદા ભક્તાવહંનારાયણો મુનિઃ।
જનિષ્યે કોશલે દેશે ભૂમૌ હિ સામગો દ્વિજઃ ॥

(વા.મ.-૧૮-૪૩)

"હું પૃથ્વી ઉપર કોશલ દેશમાં, સામવેદી વિપ્રકુળમાં, ભક્તિદેવી અને ધર્મદેવ થકી નારાયણમુનિ રૂપે અવતાર ધારણ કરીશ." (સ્કંદ પુરાણ, ભાષાનુવાદ-સસ્તું સાહિત્ય પ્રકાશન, અમદાવાદ)

બીજું કારણ, સામુદ્રિક શાસ્ત્ર પ્રમાણે ભગવાન શ્રીસ્વામિનારાયણનાં શરીરનાં અસાધારણ દિવ્ય ચિન્હો સાક્ષી પૂરે છે કે, 'ભગવાન શ્રીસ્વામિનારાયણ સાધારણ માનવ નથી, પરંતુ ભગવાન છે.'

ભગવાન શ્રીસ્વામિનારાયણનો શ્રીવિગ્રહ અન્ય

મનુષ્યોના શરીરથી અનોખો અને અલૌકિક હતો. એમનાં ચરણોમાં રહેલાં સોળ ચિન્હો એમનાં પૂર્ણ પુરુષોત્તમ નારાયણપણાનાં દર્શન કરાવતાં હતાં.

ભગવાન શ્રીસ્વામિનારાયણનાં સમકાલીન નંદ સંતોએ પોતાનાં કાવ્ય તથા ગ્રંથોમાં આ ચિન્હોનું ખૂબ સુંદર વર્ણન કર્યું છે. આજે પણ હજારો ઘરોમાં આ સોળ ચિન્હ સાથેનાં ચરણારવિંદની પૂજા થાય છે તથા ધ્યાન થાય છે. ભગવાન સિવાય સાધારણ માનવના ચરણમાં આવાં ચિન્હો સંભવે નહીં.

ત્રીજું કારણ, એમણે મોટા પાયે પ્રવર્તાવેલ સમાધિ પ્રકરણ હતું.

ભગવાન શ્રીસ્વામિનારાયણનાં દર્શન કરતાંની સાથે લાખો હરિભક્તો, સંતો-પાર્ષદોનાં ચિત્ત આકર્ષાઈ જતાં હતાં. શ્રીહરિની દિવ્ય-મંગળકારી મનુષ્ય મૂર્તિના દર્શનમાત્રથી વગર અષ્ટાંગયોગ સાધ્યે હજારો નરનારીઓને સમાધિઓ થઈ જતી હતી.

કોઈ મહાપુરુષ અતિ સમર્થ હોય તો પણ એકાદ-બે શિષ્યોને સમાધિ કે સાક્ષાત્કાર કરાવી શકે છે, જ્યારે ભગવાન શ્રીસ્વામિનારાયણે હજારો લોકોને સમાધિઓ કરાવી હતી અને પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવ્યાં હતાં, એટલું જ નહિ એમણે કેટલાક સંતો-ભક્તોને સમાધિ કરાવવાનું ઐશ્વર્ય પણ આપ્યું હતું.

ચોથું કારણ, ભગવાન શ્રીસ્વામિનારાયણનો વિશાળ પરમહંસ સમુદાય છે. આ સંતો સાધારણ ન હતા, આ સંતોમાં સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાન મહાયોગીરાજો હતા. વ્યાપકાનંદ સ્વામી, સંતદાસજી, અદ્વૈતાનંદ સ્વામી(દેવીવાળા મગ્નિરામ) જેવા મહાન સિદ્ધ હતા. નિત્યાનંદ સ્વામી જેવા દિગ્ગજ વિદ્વાનો હતા. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી જેવા મહાન કવિઓ હતા.

સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામી ભરતપુરના રાજા હતા. આ બધા સંતો ગામ-ગરાસ છોડીને ભગવાન શ્રીસ્વામિનારાયણની પાછળ ભેખ લઈ ભમતા હતા.

વિશેષ મહત્ત્વની વાત એ છે કે, આ સંતોનાં જીવન પંચ વર્તમાનથી પૂર્ણ હતાં. તેઓ સાધુતાની સાક્ષાત્ મૂર્તિ હતા.

ભગવાન શ્રીસ્વામિનારાયણ માટે જીવન અર્પણ કર્યા હોય એવા આશરે બે હજાર સંતો હતા.

ભગવાન શ્રીસ્વામિનારાયણે આમાંથી પાંચસો પરમહંસોને કાલવાણીમાં એક જ દિવસે પારમહંસી દીક્ષા આપી હતી. સત્સંગમાં તેઓ 'પાંચસો પરમહંસ' તરીકે પ્રસિદ્ધ છે.

આ સમયે ભગવાન શ્રીસ્વામિનારાયણ 'નીલકંઠ વર્ણી' નામે પ્રસિદ્ધ હતા. એમની ઉંમર માત્ર છવ્વીસ વર્ષ હતી. આવા નવયુવાન નીલકંઠ બ્રહ્મચારી ઉપર આવા સમર્થ મહાપુરુષો ઓળઘોળ થઈ જાય એ ચમત્કાર નથી તો શું છે?

આ યુવાન ઉંમરના ભગવાન શ્રીસ્વામિનારાયણના એક જ પત્રે અઢાર-અઢાર જાગીરદારો-ગરાસદારો, સમાજના આગેવાનો સંસાર છોડી સાધુ થવા નીકળી ગયા હતા.

સદ્‌ગુરુ અદ્‌ભુતાનંદ સ્વામી જેવા મીંઢોળબંધા યુવાન તો લગ્નને માંડવેથી પરણવાનું પડતું મેલીને સાધુ થઈ ગયા હતા.

ભગવાન શ્રીસ્વામિનારાયણમાં એવું તે શું કામણ હતું કે આવા સુખી-સંપન્ન લોકો એમના એક વચને ઘરબાર છોડી સાધુ થઈ જાય!

ત્યાગ-વૈરાગ્યના ઉપદેશ દેવા સહેલા છે, સંસારની માયાજાળ છોડવી મહામુશ્કેલ છે!

ભગવાન શ્રીસ્વામિનારાયણના સાધુ થવું એ હાલતાં ભગવાં કપડાં પહેરી લેવાં જેવી સરળ વાત ન હતી. ભગવાન શ્રીસ્વામિનારાયણ પોતાના સંતોને આકરી કસોટીઓથી તાવતા હતા.

ક્યારેક કાચા લોટના ગોળા જ ખાવાનો આદેશ કરતા, ક્યારેક કંતાન પહેરવાનો આદેશ કરતા, ક્યારેક શેરડી ને દૂધમાંથી થાય તે ન ખાવાનો આદેશ કરતા, ક્યારેક કડકડતી ઠંડીમાં ખુલ્લામાં સૂઈને રાત્રિઓ વિતાવવાનો આદેશ કરતા.

વિરોધીઓનાં માન-અપમાન સહન કરવાં અને એનું ભલું થાય એવું જ ચિંતન કરવું- આ આદેશ તો કાયમી હતો.

આ સંતો પણ ભગવાન શ્રીસ્વામિનારાયણના વચને ટૂક ટૂક થઈ જતા હતા અને તમામ કસોટીઓને હસતે મુખે પાર કરતા હતા. આ બધા મહાન સંતો સમર્થ હોવા છતાં ભગવાન શ્રી સ્વામિનારાયણની દાસભાવે ઉપાસના કરતા હતા.

એ જ દર્શાવે છે કે, ભગવાન શ્રીસ્વામિનારાયણ અસાધારણ ઐશ્વર્યથી યુક્ત હતા.

પાંચમું કારણ, ભગવાન શ્રીસ્વામિનારાયણના પ્રતાપથી સેંકડો ચોર-લૂંટારાઓનાં હૃદયપરિવર્તન થયાં હતાં. જે હાથમાં તીર-કામઠાં, તલવારો અને ભાલા રમતાં હતાં, એ જ હાથમાં માળાઓ ફરવા લાગી હતી.

છઠ્ઠું કારણ, ભગવાન શ્રીસ્વામિનારાયણના પ્રતાપથી

સેંકડો મુમુક્ષુઓએ પોતાના અંતઃશત્રુઓ ઉપર વિજય મેળવ્યો હતો.

સાતમું કારણ, જગતમાં જીવનમુક્તા મળવા દુર્લભ છે, જ્યારે ભગવાન શ્રીસ્વામિનારાયણે અનેકને છતે દેહે બ્રહ્મરૂપ કર્યા હતા.

આઠમું કારણ, સામાન્ય રીતે "અનેક જન્મની સાધના પછી સાધક સિદ્ધ દશાને પામે છે.(ગીતા-૬-૪૫)" આશ્ચર્યની વાત એ છે કે, ભગવાન શ્રીસ્વામિનારાયણના પ્રતાપથી સેંકડો ભક્તો આ ને આ દેહે સિદ્ધદશાને પામ્યા હતા અને પરમ ઐશ્વર્યશાળી થયા હતા.

નવમું કારણ, ભગવાન શ્રીસ્વામિનારાયણની મૂર્તિના ધ્યાન-ભજન, સ્મરણના પ્રભાવથી અનેક સંતો-ભક્તોના મન વાદળાં વિનાના આકાશ જેવા નિર્વિકાર અને નિર્મળ થયાં હતાં અને તેઓને સ્હેજે સ્હેજે નિરાવરણ સ્થિતિ અને નિરાવરણ દૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી.

નિરાવરણ સ્થિતિનો અર્થ છે- જેને માયાનાં પૃથ્વી વગેરે આઠ આવરણો અવરોધ કરી ન શકે.

અમદાવાદના મુસ્લિમ ભક્ત ડોસા તાઈ વગેરે અનેક ભક્તોનાં ઉદાહરણો સત્સંગમાં પ્રસિદ્ધ છે.

નિરાવરણ દૃષ્ટિનો અર્થ છે- 'દૂરદર્શન સિદ્ધિ.' ભગવાન શ્રીસ્વામિનારાયણની કૃપાથી ગઢપુરનાં જીવુબા, કરિયાણાનાં મીણબાઈ, ધોલેરાનાં ફૂલીબા, ભાદરાના મૂળજી શર્મા, અંજારના અચ્યુતદાસ સ્વામી વગેરે અનેક ભક્તોને નિરાવરણ દૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી.

ભગવાન શ્રીસ્વામિનારાયણ દૂર દેશમાં વિચરણ કરતા હોય છતાં આ ભક્તોને તેઓ જ્યાં બેઠા હોય ત્યાં એમના દર્શન થતાં હતાં.

દસમું કારણ, ભગવાન શ્રીસ્વામિનારાયણ તો ઠીક પણ તેમના આ પરમહંસોના સંપર્કમાં આવનાર મુમુક્ષુઓનાં મન પણ શાંત સરોવર જેવાં બની જતાં હતાં.

અગિયારમું કારણ, ભગવાન શ્રીસ્વામિનારાયણે ભક્તોને આપેલાં અલૌકિક વરદાન છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણ જ્યારે ગાદીએ બેઠા ત્યારે એમણે સદ્‌ગુરુ રામાનંદ સ્વામી પાસે બે વરદાન માંગ્યાં હતાં.

એક, 'ભગવાનના ભક્તને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો મને કોટિ કોટિ વીંછીનું દુઃખ થાઓ, પણ ભક્તને તે ન થાઓ. ભક્તનું શૂળીનું દુઃખ કાંટે મટો.'

આ વરદાનમાં ભગવાન શ્રીસ્વામિનારાયણની આશ્રિતો પ્રત્યે અપરંપાર કરૂણા છે.

એમણે બીજું વરદાન એ માંગ્યું હતું કે, 'સત્સંગીના પ્રારબ્ધમાં રામપાતર લખ્યું હોય તે રામપાતર મને આવે પણ સત્સંગી અન્નવસ્ત્રે કરીને દુઃખી ન થાય.'

આ વરદાનથી ભગવાન શ્રીસ્વામિનારાયણે સત્સંગીઓને જીવનજરૂરિયાતની પાયાની વસ્તુઓ માટે નિશ્ચિંત કર્યા છે.

અહીં મહત્ત્વની વાત પ્રારબ્ધને ફેરવવાની છે. માણસ બધું ફેરવી શકે છે, પરંતુ વિધાતાના લેખ ફેરવી શકતો નથી. કોઈ સમર્થ સંત હોય તો બે-ચાર વ્યક્તિનાં પ્રારબ્ધ ફેરવે, પરંતુ લાખો લોકોનાં પ્રારબ્ધ ફેરવી નાંખવાનું સામર્થ્ય પરમાત્મા સિવાય બીજા કોનું હોય?

ત્રીજું વરદાન ભગવાન શ્રીસ્વામિનારાયણે આશ્રિતોને આપ્યું છે કે, 'આશ્રિતોના દેહાવસાન સમયે તેઓ સ્વયં પોતાના ભક્તને અક્ષરધામમાં તેડી જશે.'

આ વરદાનની નોંધ લેતાં સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી ભક્તચિંતામણિમાં લખે છે કે,

મારા જનને અંતકાળે જરૂર મારે આવવું।
બિરુદ મારું એ ન બદલે, તે સર્વે જનને જણાવવું ॥૩॥

(ભ.ચિં.પ્ર-૬૮)

ભગવાન શ્રીસ્વામિનારાયણ આજે પણ પોતાના ભક્તને અંત સમયે દર્શન આપી ધામમાં તેડી જતા હોય એવી દિવ્ય ઘટનાઓ બનતી જ રહે છે.

આવાં અનેક કારણોને લીધે સિદ્ધ થાય છે કે ભગવાન શ્રીસ્વામિનારાયણ માત્ર સમાજસુધારક, ધર્મપ્રવર્તક, સંત કે મહાપુરુષ નથી, પરંતુ સ્વયં પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે.

।। अवतारा ह्यसङ्ख्येयाः ।।

ભગવાનની અવતારો ધરવાની રીત અલૌકિક છે. તેઓ અનેક રીતે અને અનેક રૂપે અવતારો ધરે છે.

ભગવાન ક્યારેક દેવયોનિમાં, ક્યારેક મનુષ્યયોનિમાં તો ક્યારેક પશુ-પંખીઓની યોનિમાં પણ અવતારો ધરે છે.

ક્યારેક સ્થળમાં, ક્યારેક જળમાં, ક્યારેક નભમાં પ્રગટ થાય છે. ભાગવતજીમાં સુતપુરાણી શૌનકાદિક ઋષિઓને કહે છે,

भावयत्येष सत्त्वेन लोकान् वै लोकभावनः ।
लीलावतारानुरतो देवतिर्यङ्नरादिषु ।। (भाग.१-२-३४)

'સૃષ્ટિનું સર્જન કરનારા એવા ભગવાન દેવ, પશુ-પંખી, મનુષ્ય વગેરે યોનિઓમાં લીલાવતાર ધારણ કરીને પોતાનાં અલૌકિક સામર્થ્યથી જીવોનું પાલન-પોષણ કરે છે.'

ભગવાનનું પ્રાગટ્ય માતાના ઉદર થકી જ થાય એવો નિયમ નથી, એ તો ક્યારેક પ્રહ્લાદ જેવા ભક્ત માટે સ્તંભ ફાડીને નરસિંહ રૂપે પણ પ્રગટે છે.

ભગવાનના અવતારોને દશ કે ચોવીશ સંખ્યાથી બાંધી શકાતા નથી, ભાગવતજીમાં લખ્યું છે કે,

अवतारा ह्यसङ्ख्येया हरेर्सत्त्वनिधेर्द्विजाः ।
यथाऽदासिनः कुल्याः सरसः स्युः सहस्रशः ।।

(भाग.-१-३-२६)

'હે ઋષિઓ ! જેમ અગાધ અને વિશાળ સરોવરમાંથી અનેક નાની નાની નહેરો નિસરે એમ સત્ત્વનિધિ ભગવાન શ્રીહરિમાંથી અસંખ્ય અવતારો થાય છે.'

શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે,

बहूनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन ।
तान्यहं वेत्थ सर्वाणि न त्वं वेत्थ परन्तप ।।

(गीता-४-५)

'હે અર્જુન ! મારા અને તારા અનેક જન્મો થઈ ચૂક્યા છે, તે સર્વને હું જાણું છું, પરંતુ હે પરંતપ ! તું એને જાણી શકતો નથી.'

ભગવાન શ્રીસ્વામિનારાયણ વડતાલના૧૦ માં વચનામૃતમાં અવતારો અંગે એક વિશિષ્ટ વાત કરે છે,

"આ પૃથ્વીને વિશે રાજારૂપ અને સાધુરૂપ એ બે પ્રકારે ભગવાનના અવતાર થાય છે. તેમાં રાજારૂપે જ્યારે પૃથ્વી ઉપર પ્રગટ થાય ત્યારે તો ઓગણચાલીશ લક્ષણે યુક્ત હોય અને જ્યારે સાધુરૂપે પૃથ્વી ઉપર પ્રગટ થાય ત્યારે તો ત્રીશ પ્રકારના લક્ષણે યુક્ત હોય."

"શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કન્ધને વિશે પૃથ્વી ને ધર્મના સંવાદે કરીને રાજારૂપ જે શ્રીકૃષ્ણાદિક ભગવાનના અવતાર તેનાં ઓગણચાલીસ લક્ષણ કહ્યાં છે." (ભાગ.૧-૧૬-૨૫ થી ૩૦)

"એકાદશ સ્કન્ધને વિશે શ્રીકૃષ્ણ ભગવાન અને ઉદ્ધવના સંવાદે કરીને સાધુરૂપ જે દત્તાત્રેય, કપિલ આદિક ભગવાનના અવતાર તેનાં ત્રીસ લક્ષણ કહ્યાં છે." (ભાગ.૧૧-૧૧-૨૯ થી ૩૩)

અહીં સમજવા જેવું એ છે કે હજારો ચક્રવર્તી સમ્રાટ ભેગા થાય પણ ભગવાન ન થઈ શકે, પરંતુ જો ભગવાન ધારે તો રાજા રૂપે અવશ્ય અવતરે.

એ જ રીતે હજારો સદ્ગુરુઓ ભેગા થાય પણ ભગવાન ન થઈ શકે, પરંતુ જો ભગવાન ધારે તો સદ્ગુરુ રૂપે અવશ્ય અવતરે.

ભગવાન રાજાના રૂપમાં હોય તોય ભગવાન છે અને સદ્ગુરુના રૂપમાં હોય તોય ભગવાન છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણનું અવતરણ સદ્ગુરુ રૂપે થયું છે, છતાં એ માત્ર સદ્ગુરુ નથી, સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે.

વચનામૃતમાં ભગવાનપણાની ઘોષણાઓ

ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં પોતાનાં પુરુષોત્તમપણાની ઘોષણા કરી એ જ રીતે ભગવાન શ્રીસ્વામિનારાયણે પણ વચનામૃતમાં અનેક વખત જાહેર કર્યું છે કે, 'અમે સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છીએ.' જેમાંના કેટલાક સંદર્ભ નીચે પ્રમાણે છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણ કહે છે, "અક્ષર બ્રહ્માત્મક તેજને વિશે જે ભગવાનની મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે, એમ જાણજો. અને જો એમ ન જણાય તો એટલું તો જરૂર જાણજો જે, 'અક્ષરરૂપ જે તેજ તેને વિષે જે મૂર્તિ છે તેને મહારાજ દેખે છે.' એમ જાણશો તો પણ તમારે મારે વિષે હેત રહેશે. તેણે કરીને તમારું પરમ કલ્યાણ થશે." (વચ.ગ.મ.૧૩)

"અમારાં ચરિત્ર-લીલા તેને કહેવાં ને સાંભળવાં ને તેનું મનમાં ચિંતવન કરવું. અને જેને એનું ચિંતવન અંતકાળે જો થઈ આવ્યું હોય, તો તેનો જીવ ભગવાનના ધામને જરૂર પામે. અમારાં એ સર્વે ચરિત્ર, ક્રિયા તથા નામસ્મરણ તે કલ્યાણકારી છે." (વચ.ગ.મ. ૩૫)

"આજ જે સર્વે હરિભક્ત છે તે એમ સમજે છે જે, 'અક્ષરાતીત એવા જે ભગવાન પુરુષોત્તમ તે અમને પ્રત્યક્ષ મળ્યા છે અને અમે કૃતાર્થ થયા છીએ." (વચ.ગ.પ્ર. ૩૧)

"તમને પ્રગટ પ્રમાણ મનુષ્યાકારે દેખાય છે એ જ ભગવાનનું સદાય મૂળ સ્વરૂપ છે." (વચ.કા. ૮)

"આ અવતાર સર્વોત્કૃષ્ટપણે વર્તે છે, એવી રીતે જેની પ્રત્યક્ષ શ્રીકૃષ્ણના સ્વરૂપમાં અચળ મતિ હોય એનું કલ્યાણ જ થાય." (વચ.પં.૬)

"એ ભગવાન કેવા છે, તો ક્ષર-અક્ષર થકી પર છે ને સર્વ કારણનાં પણ કારણ છે ને અક્ષરરૂપ એવા જે અનંતકોટિ મુક્ત તેમણે સેવ્યાં છે ચરણકમળ જેનાં એવાં છે."

"એવા જે એ ભગવાન તે જ પોતે દયાએ કરીને જીવના પરમ કલ્યાણ કરવાને અર્થે હમણાં પ્રગટ પ્રમાણ થકા તમારી સર્વેની દૃષ્ટિગોચર સાક્ષાત્પણે વર્તે છે." (વચ.ગ.અં. ૩૧)

"એવા સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન, તે જ દયાએ કરીને જીવના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રગટ થકા સર્વ જનના નયનગોચર વર્તે છે ને તમારા ઈષ્ટદેવ છે ને તમારી સેવાને અંગીકાર કરે છે અને એવા જે એ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરુપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ ભેદ નથી, એ બે એક જ છે. અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે, ને સર્વ કારણનાં પણ કારણ છે, ને સર્વોપરી વર્તે છે, ને સર્વ અવતારના અવતારી છે, ને તમારે સર્વેને એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે." (વચ.ગ. અં. ૩૮)

આ રીતે ભગવાન શ્રીસ્વામિનારાયણે વચનામૃતમાં અનેક વખત પોતાનાં અવતારીપણાની ઘોષણાઓ કરેલી છે.

ભગવાન શ્રીકૃષ્ણ હોય કે ભગવાન શ્રીસ્વામિનારાયણ, એમની આ ઘોષણાઓ ખોખલી નથી, એમના અસાધારણ ઐશ્વર્યોથી ભરપૂર ચરિત્રોએ આ ઘોષણાઓને સત્ય સિદ્ધ કરી છે.

ભગવાન જ્યારે પૃથ્વી ઉપર અવતરે ત્યારે એને ઓળખવાની આંખ હોવી જોઈએ અને એવી આંખ ભગવાન અથવા તો સદ્‌ગુરુની કૃપાથી મળે છે.

ભગવાનનું ભગવાનપણું એમના લક્ષણોથી ઓળખાય છે અથવા તો મા જેમ પિતાને ઓળખાવે એ જ રીતે શાસ્ત્રો અને સદ્‌ગુરુ અવતાર તત્ત્વને ઓળખાવે છે અથવા તો ભગવાન કૃપા કરે તો ઓળખાય છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણના લોકોત્તર લક્ષણો અને ઐશ્વર્યપૂર્ણ ચરિત્રો દર્શાવે છે કે તેઓ ભગવાન હતા.

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી જેવા મહાન સંતોએ ઓળખાણ કરાવી છે કે, 'વેદાદિક શાસ્ત્રોમાં જેમને પૂર્ણ પુરુષોત્તમ નારાયણ કહ્યા છે, એજ આ સ્વામિનારાયણ ભગવાન છે.'

સ્વયં ભગવાન શ્રીસ્વામિનારાયણે કૃપા કરીને પોતાની ઓળખાણ કરાવી છે કે, 'અમે સર્વ કારણનાં કારણ ભગવાન પુરુષોત્તમ નારાયણ છીએ.'

ભગવાન શ્રીસ્વામિનારાયણ વચનામૃતમાં ભક્તો પ્રત્યે એક અદ્‌ભુત વાત કરે છે, "કદાચ તમને અમે ભગવાન છીએ એ માનવામાં સંકોચ થાય તો એટલું તો જરૂર જાણજો જે અક્ષરરૂપ જે તેજ તેને વિષે જે મૂર્તિ છે તેને મહારાજ દેખે છે તો પણ તમારું પરમ કલ્યાણ થશે." (વચ.ગ.મ.૧૩)

ભગવાન શ્રીસ્વામિનારાયણ શિક્ષાપત્રીમાં ભગવાન શ્રીકૃષ્ણનું ઇષ્ટદેવ રૂપે ધ્યાનાત્મક મંગલાચરણ કરે છે.

શિક્ષાપત્રીમાં અન્યત્ર પણ ભગવાન શ્રીસ્વામિનારાયણે પોતાના ઇષ્ટદેવ તરીકે ભગવાન શ્રીકૃષ્ણનો આદરથી ઉલ્લેખ કરેલો છે.

આ જોતાં 'ભગવાન શ્રીસ્વામિનારાયણ ભક્ત છે, ભગવાન નથી' આવી ભ્રાંતિ જનમાનસમાં ઊભી થાય તે સહજ છે.

અહીં કેટલીક વસ્તુ વિચારણીય છે. એક તો કોઈપણ ગ્રંથના આરંભે મંગલાચરણ કરવાની શાસ્ત્રીય પરંપરા છે. મંગલાચરણ અનેક પ્રકારે થાય છે. એમાં એક પ્રકાર 'ઇષ્ટદેવને નમસ્કારાત્મક' મંગલાચરણ છે. ભગવાન શ્રીસ્વામિનારાયણે એ પરંપરાને અનુસરીને મંગલાચરણ કર્યું છે.

બીજું, ભગવાન શ્રીસ્વામિનારાયણનું અવતરણ સદ્‌ગુરુ રૂપે છે. સદ્‌ગુરુના પરમ કર્તવ્ય તરીકે એમણે શિષ્યો પ્રત્યે શિક્ષાપત્રી લખી છે. સદ્‌ગુરુ તરીકે લેખન થાય ત્યારે 'ઇષ્ટદેવ' શબ્દનો પ્રયોગ સહજ છે.

પરમાત્માના અનેક રીતે અનેક અવતારો થયા છે ત્યારે એમણે પોતાના પાત્રને પૂર્ણ ન્યાય આપ્યો છે.

પૂર્વે થયેલા મહાન અવતારો ભગવાન શ્રીરામચંદ્રજી, ભગવાન શ્રીકૃષ્ણ પણ લીલાભાવે સામાન્ય સાધકની જેમ પરમાત્માનું પૂજન-અર્ચન, આરાધન કરતા. આનો અર્થ એવો નથી કે 'તેઓ સાધક અથવા ઉપાસક છે, પરંતુ ભગવાન નથી.'

ભગવાન શ્રીરામચંદ્રજી સેતુબંધ રામેશ્વરમ્‌ની સ્થાપના કરી અને એમનું પૂજન-અર્ચન, સેવા કરવાની આજ્ઞા કરે છે.

ગોસ્વામીજી રામચરિતમાનસમાં કહે છે કે,

लिंग स्थापी बिधिवत् करी पूजा।
शिव समान प्रिय मोही न दूजा॥

પદ્મ પુરાણમાં ભગવાન શ્રીવિષ્ણુ નારાયણને ઇક્ષ્વાકુ કુળના ઇષ્ટદેવ કહેવામાં આવ્યા છે.

ભગવાન શ્રીરામચંદ્રજી અયોધ્યાના મહેલમાં નિત્ય ભગવાન શ્રીવિષ્ણુનારાયણનું આરાધન કરતા.

ભગવાન શ્રીરામચંદ્રજીના રાજ્યાભિષેક પ્રસંગે મહર્ષિ વાલ્મિકીજી વાલ્મિકી રામાયણના અયોધ્યાકાંડમાં લખે છે કે,

गते पुरोहिते रामः स्नातो नियतमानसः।
सह पत्न्या विशालाक्ष्या नारायणमुपागमत्॥

(वा.रा.अ.का.अ.-६-१)

'પુરોહિતોના ગયા પછી મનને સંયમમાં રાખનાર શ્રીરામે સ્નાન કરી પોતાના વિશાળ નેત્રોવાળા પત્ની સીતાજી સાથે ભગવાન શ્રીનારાયણની ઉપાસના શરૂ કરી.'

तुष्टाव प्रणतश्चैव शिरसा मधुसूदनम्।
विमलक्षौमसंवीतो वाचयामास स द्विजान्॥

(वा.रा.अ.का.अ.-६-७)

'રેશમી વસ્ત્રો ધારણ કરી શ્રીરામે નતમસ્તકે ભગવાન મધુસૂદનને પ્રણામ કર્યા, એમની સ્તુતિ કરી અને બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવ્યું.'

યાદવાચલ માહાત્મ્યમાં લખ્યું છે કે,

ભગવાન શ્રીરામચંદ્રજી ભગવાન શ્રીવિષ્ણુ નારાયણની જે મૂર્તિનું ઉપાસન કરતા એ સ્વરૂપ બ્રહ્માજીએ ભગવાન શ્રીરામચંદ્રજીને આપ્યું હતું.

पत्न्या सह विशालाक्ष्या नित्यं नारायणार्चनम्।
अकरोद्धि पुरा रामः श्रीमान् काकुत्स्थवंशजः॥

કાકુત્સ્થ-કુલભૂષણ ભગવાન શ્રીરામચંદ્રજી પોતાના

પત્ની વિશાલાક્ષી સીતાજીની સાથે બ્રહ્માજીએ આપેલી એ મૂર્તિનું નિત્ય આરાધન કરતા હતા.

એજ સ્વરૂપ ભગવાન શ્રીરામચંદ્રજીએ રાજી થઈને વિભીષણજીને આપ્યું હતું. એ સ્વરૂપ આજે શ્રીરંગ ક્ષેત્રમાં બેરાજે છે.

નિત્ય આરાધનનું સ્વરૂપ વિભીષણને આપ્યા પછી ભગવાન શ્રીરામચંદ્રજીને નારાયણનો વિરહ સાલવા લાગ્યો. તેઓને ભગવાન શ્રી નારાયણની મૂર્તિ વિના ચેન પડતું ન હતું એટલે બ્રહ્માજીએ ભગવાન શ્રીરામચંદ્રજીને ભગવાન શ્રીવિષ્ણુ નારાયણની બીજી મૂર્તિ આરાધન માટે આપી હતી.

ભગવાન શ્રીરામચંદ્રજીના પૌત્રી અને કુશનાં પુત્રી કનકમાલાના લગ્ન ચંદ્રવંશી યાદવકુળના રાજા યદુશેખર સાથે થયાં. એ સમયે કનકમાલાએ પિતાજી પાસેથી ભગવાન શ્રીનારાયણની એ મૂર્તિ કરિયાવરમાં માગી લીધી હતી. મથુરાનાં યાદવકુળમાં વંશપરંપરાથી આ મૂર્તિનું આરાધન થતું આવતું હતું.

ભગવાન શ્રીકૃષ્ણે જ્યારે દ્વારિકા નગરી વસાવી ત્યારે આ મૂર્તિ દ્વારિકામાં પધરાવી હતી અને નિત્ય આરાધન કરતા હતા.

દ્વારિકાના વિનાશ પહેલા મોટા ભાઈ બળદેવજીના કહેવાથી ભગવાન શ્રીકૃષ્ણે આ મૂર્તિ યદુગિરિ ઉપર આવેલ મેલકોટમાં પધરાવી હતી. એ મૂર્તિ આજે ભગવાન 'શ્રી સંપત્કુમાર નારાયણ' તરીકે પ્રસિદ્ધ છે. યાદવાચલ

માહાત્મ્યમાં આ પ્રસંગો વિસ્તારથી વર્ણવાયેલા છે.

ભગવાન શ્રીરામચંદ્રજી કે ભગવાન શ્રીકૃષ્ણ સામાન્ય સાધકની જેમ સંધ્યાવંદન કરે, સૂર્યપૂજા કરે, ગાયત્રીનો જપ કરે, શ્રીવિષ્ણુ નારાયણનું ઉપાસન કરે એટલે 'એ ભક્ત છે, ભગવાન નથી' એવું કહીં શકાય નહીં.

ભગવાનની મનુષ્યભાવે થતી આ લીલા છે અને આ લીલા લોકશિક્ષણ માટે હોય છે.

એ જ ન્યાયે ભગવાન શ્રીસ્વામિનારાયણ શિક્ષાપત્રીમાં ભગવાન શ્રીકૃષ્ણનો જે રીતે ઉલ્લેખ કરી રહ્યા છે એ પણ લોકશિક્ષણ માટે છે. એનાથી 'ભગવાન શ્રીસ્વામિનારાયણ ભક્ત છે, ભગવાન નથી' એવું સિદ્ધ થતું નથી.

ભગવાન શ્રીસ્વામિનારાયણે કરેલ મંગલાચરણ સદ્‌ગુરુપદને અનુરૂપ છે અને શાસ્ત્રીય પરંપરાનો નિર્વાહ કરનાર છે.

કોઈપણ ગ્રંથનું મંગલાચરણ ગ્રંથનો ઉપક્રમ ગણાય છે. એ ઉપક્રમને કેન્દ્રમાં રાખીને જ આગળ ગ્રંથનો વિસ્તાર થતો હોય છે. એવી શાસ્ત્રીય પરંપરા જોવા મળે છે.

શિક્ષાપત્રીમાં ભગવાન શ્રીસ્વામિનારાયણે મંગલાચરણમાં ઈષ્ટદેવ તરીકે શ્રીકૃષ્ણ ભગવાનનું ચિંતવન કર્યું છે.

શિક્ષાપત્રીના આ ઉપક્રમને કેન્દ્રમાં રાખીને માળામાં દોરો પરોવાતો રહે એમ આગળ પણ ભગવાન શ્રીકૃષ્ણનો ઉલ્લેખ થતો રહે છે. એટલે સહજ છે કે, શિક્ષાપત્રીમાં ભગવાન શ્રીસ્વામિનારાયણનો ભગવાન તરીકે ઉલ્લેખ જોવા મળતો નથી.

ભગવાન શ્રીસ્વામિનારાયણનો જન્મ ઉત્તર પ્રદેશમાં ઉત્તમ સરયૂપારીણ બ્રાહ્મણકુળમાં થયેલો છે. એમના કુળમાં વંશપરંપરાથી ઈષ્ટદેવ તરીકે ભગવાન શ્રીકૃષ્ણનું આરાધન થતું આવતું હતું, એટલે એ પરંપરાને આદર આપીને ભગવાન શ્રીસ્વામિનારાયણ ભગવાન શ્રીકૃષ્ણ માટે 'ઈષ્ટદેવ' શબ્દનો પ્રયોગ કરે છે.

વચનામૃતમાં પણ ભગવાન શ્રીસ્વામિનારાયણ અવારનવાર ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યે પોતાનો પ્રેમ વ્યક્ત કરે છે, ''એ અવતારો કરતાં કોટિ ઘણું શ્રીકૃષ્ણને વિષે અમારે હેત છે. અને એમ જાણીએ છીએ જે બીજા સર્વે અવતાર કરતા આ અવતાર બહુ મોટો થયો ને બહુ સમર્થ છે.'' (વચ.લો.૧૪)

ભગવાન શ્રીકૃષ્ણને પોતાના ઈષ્ટદેવ તરીકે શિક્ષાપત્રીમાં યાદ કરીને ભગવાન શ્રીસ્વામિનારાયણના અંતરનો એક બીજો પવિત્ર આશય એ છે કે, 'મારા ભક્તો મને ભગવાન જાણે છે, મારી એકાંતિકભાવે ઉપાસના કરે છે, પરંતુ તેઓ અન્ય અવતારોને પણ માને, પૂજે અને

આદર આપે એ આવશ્યક છે.'

પરમાત્માના વિવિધ અવતાર સ્વરૂપોની ઉપાસના કરનારા ભક્તો પરસ્પર સંવાદિતા જાળવે, સમન્વયભાવથી રહે માટે ભગવાન શ્રીસ્વામિનારાયણ શિક્ષાપત્રીમાં માત્ર ભગવાન શ્રીકૃષ્ણની જ વાત નથી કરતા, પરંતુ ભારતીય સંસ્કૃતિમાં પ્રસિદ્ધ શ્રીવિષ્ણુ પંચાયતન દેવોને માનવાની અને પૂજવાની વાત પણ કરે છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણના ભગવાનપણાનો નિર્ણય માત્ર શિક્ષાપત્રીથી જ નથી થતો, શિક્ષાપત્રીની સાથે વચનામૃતમાં ભગવાન શ્રીસ્વામિનારાયણનાં વિધાનો તથા એમના અસાધારણ ઐશ્વર્ય-ચરિત્રોને લક્ષ્યમાં લેવાં આવશ્યક છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણના સંતો શાસ્ત્રોમાં નિષ્ણાંત તો હતા જ, સાથે સાથે સાક્ષાત્કારી પણ હતા.

સદ્‌ગુરુ રામાનંદ સ્વામી ભગવાન શ્રીકૃષ્ણના સાક્ષાત્કારી સંત હતા. સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી પણ ભગવાન શ્રી કૃષ્ણના સાક્ષાત્કારી સંત હતા.

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીનો જન્મ ઈડર પાસેના ટોડલા ગામે થયો હતો. એમનું નામ ખુશાલ ભટ્ટ હતું. તેઓની નાની ઉંમર હતી. ટોડલાની બાજુમાં સુપ્રસિદ્ધ તીર્થ 'શામળાજી' આવેલું છે. અહીંથી ભગવાન શામળાજી રોજ ખુશાલ ભટ્ટ સાથે રમવા ટોડલા આવતા.

ભગવાન શ્રીકૃષ્ણના આવા સાક્ષાત્કારી અનેક મહાપુરુષોએ ભગવાન શ્રીસ્વામિનારાયણના પ્રભાવથી સાધુ થઈ એમને ભગવાન તરીકે પૂજ્યા છે, માન્યા છે અને ઉપાસ્યા છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ અંગે જાતજાતની ધારણાઓ

ભગવાન શ્રી સ્વામિનારાયણ માટે સમાજમાં જાતજાતની ધારણાઓ પ્રવર્તે છે. કોઈ ભગવાન શ્રી સ્વામિનારાયણ વિશે મનફાવે તેમ એલફેલ બોલે છે, કોઈને ભ્રાન્તિ છે કે દશ અવતાર કે ચોવીશ અતારમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની ગણના નથી તો એમને ભગવાન કઈ રીતે કહી શકાય ? કોઈ એમને પોતાના ધાર્મિક પૂર્વગ્રહોથી મૂલવે છે, કોઈ એમને સમાજસુધારક માને છે, કોઈ એમને મોટા સંત માને છે, તો કોઈ એમને ધર્મપ્રવર્તક મહાપુરુષ માને છે, કોઈ એમને પૂર્ણપુરુષોત્તમ નારાયણ માનીને ઉપાસના કરે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ અંગે પ્રસિદ્ધ આ સર્વ સારી-નરસી ભાવનાઓને હું આદરથી વંદન કરું છું. પૂર્વે થયેલા ભગવાન શ્રીરામ, ભગવાન શ્રીકૃષ્ણ વગેરે અવતારો તેમજ અન્ય અનેક મહાપુરુષો પણ આવી જાતજાતની ધારણાઓથી બાકાત નથી.

પરમાત્માના પૂર્વના મહાન અવતારોને એમના જીવન દરમિયાન કોઈએ ભગવાન તરીકે સ્વીકાર્યા હોય એવા લોકો ઘણા ઓછા છે. જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ એમનું ભગવાનપણું લોકહૃદયમાં સ્થિર થતું ગયું. રામાયણ તેમજ ભાગવતજીની કથાઓએ આમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

નવાઈની વાત એ છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણને એમના જીવન દરમ્યાન જ લાખો લોકોએ ભગવાન તરીકે સ્વીકાર્યા હતા, માન્યા હતા, પૂજ્યા હતા અને ઉપાસ્યા હતા. શ્રીકિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા લખે છે કે, 'બુદ્ધ અને મહમ્મદ સિવાય કોઈપણ અવતારને એ અવતારની હયાતીમાં જ આટલા મનુષ્યોએ સ્વીકાર્યા ન હતા. અવતાર લીન થયા પછી જ મનુષ્યોએ એમનું અવતારપણું કબૂલ કર્યું હોય એવું સાધારણતઃ દેખાય છે, પણ સહજાનંદ સ્વામીને હજારો મનુષ્યોએ એમના છતાં જ અવતાર તરીકે સ્વીકાર્યા. એમના પડતા બોલ ઉપર પોતાના તન, મન અને ધન અર્પણ કરી નાખ્યાં. એમના હાથમાં પોતાના નાડીપ્રાણ સોંપી દીધાં. એવી સહજાનંદ સ્વામીમાં શી શક્તિ હતી?' (સહજાનંદ સ્વામી-પૃષ્ઠ-૫૭)

"અનેકના ચિત્તનું આકર્ષણ કરનાર, બ્રહ્મચર્ય આશ્રમના પુનઃ સ્થાપક, વ્યાસસિદ્ધાંતના પ્રબોધક એવા સહજાનંદ સ્વામી હતા. જો અવતારો પૃથ્વી પર થતા હોય, તો બેશકપણે સહજાનંદ સ્વામીને અવતારની સંજ્ઞા આપી શકાય છે." (સહજાનંદ સ્વામી-પૃષ્ઠ- ૫૯)

સમાચાર દર્શન

જ્ઞાનસત્ર - ૪૭

સનાતન ધર્મની ધારા ભક્તિ અને જ્ઞાનનું પોષણ કરતી રહી છે. સનાતમ પરંપરામાં અવતારો, ઋષિઓ, મહાપુરુષોએ અવારનવાર સત્સંગસત્રો યોજીને અનેક જીવોને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન અને ભક્તિનું સિંચન કરીને મોક્ષમાર્ગે આગળ વધાર્યા છે. આ પરંપરાનું જતન, પોષણ, સંવર્ધન ભગવાન શ્રીસ્વામિનારાયણ દ્વારા થયું. મંદિરોમાં દિવસમાં પાંચ વાર કથાઓ થવા લાગી. સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જેવા સદ્‌ગુરુઓએ અખંડ કથાવાર્તાનો અખાડો માંડ્યો. જેથી સંપ્રદાયમાં છતે દેહે શાસ્ત્રોમાં કહેલી બ્રાહ્મી સ્થિતિને અનેક સંતો-ભક્તોએ પ્રાપ્ત કરી.

ત્યારબાદ આ પરંપરાનું પોષણ ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ ગુરુકુલ દ્વારા શિબિરો, બ્રહ્મસત્રો, જ્ઞાનસત્રો, જપયજ્ઞો જેવાં વિવિધ આયોજનો દ્વારા કર્યું. શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, અમદાવાદને આંગણે ગુરુદેવે જ્ઞાનસત્રની પરંપરા વહાવી, જે આજે ૪૭ વર્ષથી અખંડ વહેતી રહી છે. તારીખ ૧૭ ઓગસ્ટ જુલાઈથી ૨૩ ઓગષ્ટ દરમિયાન સપ્તદિનાત્મક જ્ઞાનસત્રનું આયોજન થયું.

૧૭ જુલાઈ, જ્ઞાનસત્રના પ્રારંભે નવ કલાકનો જપયજ્ઞ યોજાયો. સાંજે પાંચ કલાકે પોથીયાત્રા સાથે જ્ઞાનસત્રનો પ્રારંભ થયો. પોથીજી તથા વક્તાશ્રીના પૂજન બાદ પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ શ્રીમદ્ સત્સંગિજીવનની કથાનું શ્રવણ કરાવ્યું હતું. જ્ઞાનસત્ર દરમિયાન પૂજ્ય સ્વામીજીએ નંદસંતોના જીવનકવનનું ખૂબ ભાવાત્મક શૈલીથી શ્રવણ કરાવ્યું હતું. તો યુવાન સંતોએ જનમંગલ-સર્વમંગલ વ્યાખ્યાનમાળા અંતર્ગત ભગવાન શ્રીહરિનો મહિમા તથા ચરિત્રોથી ભરપૂર મનનીય પ્રવચનો કર્યા હતા. આ ઉપરાંત પ્રસંગોપાત્ પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ જ્ઞાનસત્રાર્થીઓને આશીર્વાદ પાઠવ્યા હતા.

જ્ઞાનસત્ર દરમિયાન રાત્રિકાર્યક્રમ અંતર્ગત પૂજ્ય સ્વામીજી સાથે પ્રશ્નોત્તરી, વિદ્યાર્થીઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ, સત્સંગ મનોરંજન ડાયરો, મહિલામંચ, ઠાકરથાળી જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. યોજાયેલ બ્લડ ડોનશન કેમ્પમાં ૧૫૦ ઉપરાંત ભક્તોએ રક્તદાન કરી સમાજસેવાનું ઉત્તમ કાર્ય કર્યું હતું.

ગૌરીપૂજન : SGVP દ્વારા દરવર્ષે ગૌરીપૂજન સ્વરૂપે મોટી સંખ્યામાં મેડીકલ, સી.એ., એન્જિનિયર તથા અન્ય ક્ષેત્રે અભ્યાસ કરનારી દીકરીઓને વર્ષ દરમિયાન થતો અભ્યાસખર્ચ સંસ્થા દ્વારા અપાય છે. આ ઉપક્રમે ખાસ આયોજિત ગૌરીપૂજન પ્રસંગે ૧૨૧ ઉપરાંત દીકરીઓને શિક્ષણસહાય અર્પણ કરી ગૌરીપૂજન કરવામાં આવ્યું હતું. સાથે સાથે વિદ્યાસહાયમાં સહભાગી થનારા ભક્તોને સંતોએ શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

જ્ઞાનસત્ર પ્રસંગે બહેનોને સત્સંગનો વિશેષ લાભ મળે એ માટે બે દિવસનો મહિલામંચ રાખવામાં આવ્યો હતો. જેમાં બાલિકાઓએ સાસંકૃતિક કાર્યક્રમ રજુ કરી સૌને પ્રસન્ન કર્યા હતા. સાંખ્યયોગી બહેનોએ સૌને સત્સંગનો લાભ આપ્યો હતો.

ચંદ્રયાન-૩ પૃથ્વીની પ્રદક્ષિણા કરતું ચંદ્ર ઉપર પહોંચ્યું એ ક્ષણ સૌ ભારતીઓ માટે ગૌરવની હતી. જ્ઞાનસત્ર પ્રસંગે તૈયાર કરવામાં આવેલ સભામંડપ ચંદ્રયાન-૩ને સમર્પિત હતો. જે સમયે ચંદ્રયાને ચંદ્ર ઉપર ઉતરાણ કર્યું ત્યારે સૌ જ્ઞાનસત્રાર્થીઓ આનંદથી નાચી ઊઠ્યા હતા. આ અદ્‌ભુત ઘટનાને સૌએ લાઈવ નિહાળી હતી.

આ સાથે સાત દિવસના ભક્તિસભર જ્ઞાનસત્રના સમાપન પ્રસંગે સદ્‌ગુરુ સંતોએ મુખ્ય યજમાન તથા સહ યજમાનશ્રીઓને શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

પોથીયાત્રા દરમિયાન યજમાનશ્રીઓ

યુ.પી.ના શિક્ષણમંત્રી

સાસંકૃતિક કાર્યક્રમ

જ્ઞાનસત્રાર્થીઓ

ગૌરીપૂજન -વિદ્યાસહાય મેળવનાર દીકરીઓ

વિદ્યાસહાયના દાતાશ્રીઓનું સન્માન

કાશી હિન્દુ વિશ્વવિદ્યાલયના પ્રાંગણમાં ભગવાન શ્રીસ્વામિનારાયણ સંસ્થાપિત મૂળ સંપ્રદાયનો જયજયકાર.

કાશીના દિગ્ગજ વિદ્વાનો દ્વારા સંપ્રદાયના મૂળ સિદ્ધાંતોનું અનુમોદન તથા સન્માન

શ્રીસ્વામિનારાયણ મંદિર વૃત્તાલય એવં ધર્માગમ વિભાગ, સંસ્કૃત વિદ્યા ધર્મવિજ્ઞાન સંકાય, કાશી હિન્દુ વિશ્વવિદ્યાલય (બી.એચ.યુ.)ના સંયુક્ત તત્વાવધાનમાં આંતરરાષ્ટ્રીય સંગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પૂજ્ય શાસ્ત્રી શ્રી સંતવલ્લભદાસજી સ્વામી - કોઠારીશ્રી વડતાલના માર્ગદર્શન સાથે આ સેમિનાર યોજાયો હતો.

શ્રીશૈવ-શ્રીસ્વામિનારાયણ મૂળ સિદ્ધાંત વિમર્શ વિષય ઉપર તા. ૨૬-૨૭ ઓગસ્ટ દરમિયાન આયોજિત સંગોષ્ઠીમાં ભારત તથા વિદેશના વિદ્વાનો ઉપસ્થિત રહ્યા હતા. સંગોષ્ઠીનો પ્રારંભ વૈદિક પ્રાર્થના તથા દિપ પ્રાગટ્ય સાથે કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ઉદ્ઘાટન સત્રના અધ્યક્ષ સ્થાને જગદ્‌ગુરુ પૂજ્ય શ્રી ચંદ્રશેખર શિવાચાર્યજી મહારાજ - કાશી ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારના પ્રારંભે દીપપ્રાગટ્યમાં પદ્મભૂષણ પ્રો. વશિષ્ઠ ત્રિપાઠી - પૂર્વ કુલપતિ, પ્રો. વિજયકુમાર શુક્લ-માનનીય કુલગુરુ (બી.એચ.યુ.), પ્રો. શિતલાપ્રસાદ પાંડેય, પ્રો. ઉપેન્દ્રકુમાર ત્રિપાઠી-સમન્વયક વૈદિક વિજ્ઞાન કેન્દ્ર (બી.એચ.યુ.), પ્રો. કમલેશ ઝા - સંકાયક પ્રમુખ (બી.એચ.યુ.), પ્રો. જયશંકરલાલ ત્રિપાઠી-પૂર્વ અધ્યક્ષ - સંસ્કૃત વિભાગ (બી.એચ.યુ.), પ્રો. અભિરાજરાજેન્દ્ર મિશ્રા - પૂર્વ કૂલપતિ સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલય વારાણસી, પ્રો. હૃદયરંજન શર્મા - પૂર્વ વિભાગાધ્યક્ષ વેદવિભાગ (બી.એચ.યુ.), પ્રો. અરવિંદ શર્મા - પ્રાચાર્ય દરભંગા, વૈદિક પ્રોફેસર પતંજલિ મિશ્રા (બી.એચ.યુ.), ડો. લુસી ગેસ્ટ-યુ.કે., ડો. વ્રજભૂષણ ઓઝા - વ્યાકરણ વિભાગ (બી.એચ.યુ.), પ્રો. પ્રદ્યુમ્ન શાહ સિંહ - જૈન-બૌધ દર્શન વિભાગ (બિ.એચ.યુ.) વગેરે વિદ્વાનો ઉપસ્થિત રહ્યા હતા.

દ્વિદિવસીય સેમિનારામાં ભારતના વિવિધ રાજ્યો તથા લંડન, અમેરિકા જેવા દેશોના એંશી જેટલા વિદ્વાનોએ ભાગ લીધો હતો અને પોતપોતાના શોધપત્રો રજુ કર્યા હતા.

આ સેમિનારની વિશેષમાં મહત્વની વાત એ હતી કે, બાબા વિશ્વનાથજીની નગરી કાશીમાં ભારતવર્ષમાં સુપ્રસિદ્ધ બનારસ હિન્દુ યુનિવર્સિટીના વૈદિક વિજ્ઞાન સંકાયના સભાગૃહમાં એક અપૂર્વ વિદ્વત્‌સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મૂળ સિદ્ધાતનો જયજયકાર થયો હતો.

આ સભામાં ઉપસ્થિત કાશીના દિગ્ગજ પંડિતોએ એક અવાજે કહ્યું હતું કે, ભગવાન શ્રીસ્વામિનારાયણ પ્રબોધિત વચનામૃત - શિક્ષાપત્રીના વચનો સનાતન વૈદિક પરંપરાના પોષક છે. શ્રી સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલયના ધર્માગમ વિભાગમાં ભગવાન શ્રીસ્વામિનારાયણે લખેલી શિક્ષાપત્રીનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ઉપરાંત આ મૂળ સંપ્રદાયમાં ભગવાન શ્રીસ્વામિનારાયણે સ્વયં પ્રસ્થાપિત કરેલી બે આચાર્યપીઠ ઉપર બિરાજીત

આચાર્યશ્રીઓનો અમે આદર કરીએ છીએ.

આ વિદ્વત્સભામાં ઉપસ્થિત કાશીના માનનીય વિદ્વાનોએ ભગવાન શ્રીસ્વામિનારાયણનો વચનામૃત ગ્રંથ તેમજ એમના જ સમયમાં પ્રસ્થાનત્રયી ઉપર લખાયેલ સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી અને સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી રચિત બ્રહ્મસૂત્રભાષ્ય, ગીતાભાષ્ય અને દશોપનિષદ્ ભાષ્ય ઉપરાંત પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી લીખિત શ્રીસ્વામિનારાયણ દર્શનસારસંગ્રહ (વચનામૃત ભૂમિકા)ને મુક્તકંઠે બિરદાવીને કહ્યું હતું કે, 'આ ગ્રંથો સનાતન વૈદિક પરંપરાના પોષક છે. વિશેષમાં આ સંપ્રદાયમાં ભક્તિ અને જ્ઞાનની સાથે સાથે આચરણ છે, તપ છે. પરિણામે આજે દેશ વિદેશમાં સનાતન પરંપરાનું પોષણ થઈ રહ્યું છે. મૂળ સંપ્રદાય દ્વારા સદ્‌વિદ્યા પ્રવર્તન અને અનેકવિધ સર્વજીવહિતાવહ સેવાકાર્યો થઈ રહ્યા છે એ અમારો અનુભવ છે.'

વિશેષમાં આ વિદ્વત્સભામાં ઉપસ્થિત ગણમાન્ય વિદ્વાનોએ પોતાના પ્રવચનોમાં મૂળ સંપ્રદાયમાં એક પરમેશ્વર જ ઉપાસ્ય, ધ્યેય, પ્રાપ્ય, સર્વકર્મફળપ્રદાતા અને સર્વકર્તા છે વગેરે સિદ્ધાંતોની મુક્તકંઠે પ્રસંશા કરીને મંડન કર્યું હતું અને વર્તમાન સમયે સ્વમતિ અનુસાર કલ્પિત ભાષ્યો દ્વારા પ્રતિપાદિત અક્ષરપુરુષોત્તમ મતનું ખંડન કર્યું હતું.

આ કાશીકેય પંડિતોની વિદ્વત્સભાનું અધ્યક્ષપદ કાશી વિશ્વનાથ મંદિર ન્યાસના અધ્યક્ષ વયોવૃદ્ધ પંડિત શ્રી નાગેન્દ્ર પાંડેયજીએ શોભાવ્યુ હતું. વિશેષમાં કાશી વિદ્વત્પરિષદના વર્તમાન અધ્યક્ષ પદ્મવિભૂષણ શ્રી વશિષ્ઠ ત્રિપાઠી ગુરુજીના પણ આ અંગે આશિર્વાદ અને માન્યતા પ્રાપ્ત થયા હતા.

આ વિદ્વત્સભાનું સંચાલન બી.એચ.યુ.ના સુપ્રસિદ્ધ વ્યાકરણાચાર્ય શ્રીવ્રજભૂષણ ઓઝાજીએ કર્યું હતું. આ વિદ્વત્સભામાં પંડિત રામકિશોર ત્રિપાઠી, પ્રો ધનંજય પાંડે, પ્રો. હરિપ્રસાદ અધિકારી, પ્રો. કમલેશ ઝા, પ્રો. પતંજલિ મિશ્રા, પ્રો જયશંકરલાલ ત્રિપાઠી, પ્રો ઉમાશંકર શુક્લ, પ્રો સુધાકર મિશ્ર, પ્રો ઉપેન્દ્ર ત્રિપાઠી, પ્રો. રામપૂજન પાંડે, પ્રો. વિનોદરાવ પાઠક, પ્રો. સરોજ ત્રિપાઠી વગેરે બી.એચ.યુ. તેમજ કાશી હિન્દુ વિશ્વવિદ્યાલય તેમજ સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગોના અધ્યક્ષો, પૂર્વ કુલપતિશ્રીઓ તેમજ વિવિધ પાઠશાળાઓના વિવિધ વિષયોના નિષ્ણાંત વિદ્વાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે પરમ પૂજ્ય સ્વામીજી દ્વારા લખાયેલ શ્રી સ્વામિનારાયણ દર્શનસારસંગ્રહ (વચનામૃત ભમિકા)ને વિદ્વત્સભાએ માન્યતા આપી હતી અને સ્વામીજીને ''વેદાંતવિદ્યા માર્તણ્ડ'' ઉપાધિ આપીને સન્માનિત કર્યા હતા. સાથે સાથે શ્રી લક્ષ્મીનારાયણ પીઠ વડતાલ સંસ્થાના મુખ્ય કોઠારી ડો. શ્રી સંતવલ્લભ સ્વામીનું ''સારસ્વત અલંકાર'' પદવીથી સન્માન કરવામાં આવ્યું હતું.

ખાસ કરીને આ પ્રસંગે ગુજરાતથી શ્રી બળવંત જાની (કુલપતિ-સાગર યુનિ. મધ્યપ્રદેશ), શ્રી નિરંજન પટેલ, (ઉપકુલપતિ સરદાર પટેલ વિશ્વવિદ્યાલય-વિદ્યાનગર), શ્રી ગીરીશ ભીમાણી (ઉપ કુલપતિ - સૌરાષ્ટ્ર યુનિ.) શ્રી લલીત પટેલ (પૂર્વ ઉપકુલપતિ-સોમનાથ), ડો. રામપાલ શુક્લ (સંસ્કૃત મહાવિદ્યાલય વડોદરા) વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત સોમનાથથી શ્રી ભાનુપ્રકાશદાસજી સ્વામી, વડતાલથી હરિઓમ સ્વામીજી, સરધારથી શ્રી યોગેશ્વરદાસજી સ્વામી, વડતાલથી શ્રી શ્યામવલ્લભદાસજી સ્વામી, રાજકોટથી સ્વરૂપદાસજી સ્વામી વગેરે સંતો, ઋષિકુમારો ઉપરાંત સંશોધનકર્તા છાત્રો ઉપસ્થિત રહ્યા હતા.

‘વેદાંતવિદ્યા માર્તન્ડ’ પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા ‘સારસ્વતાલંકાર’ પરમ પૂજ્ય સંતવલ્લભદાસજી સ્વામીનું ભવ્ય સન્માન

ભારતવર્ષમાં સુપ્રસિદ્ધ બનારસ હિન્દુ યુનિવર્સિટી (BHU)માં તા. ૨૬-૨૭, ઓગસ્ટ ૨૦૨૩ દરમિયાન આંતરરાષ્ટ્રીય સંગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સંગોષ્ઠિ પ્રસંગે પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી લિખિત શ્રી સ્વામિનારાયણ દર્શનસારસંગ્રહ (વચનામૃત ભમિકા)ને વિદ્વત્સભાએ માન્યતા આપી હતી અને સ્વામીજીને “વેદાંતવિદ્યામાર્તંડ” ઉપાધિ આપીને સન્માનિત કર્યા હતા. સાથે સાથે શ્રી લક્ષ્મીનારાયણ પીઠ વડતાલ સંસ્થાના મુખ્ય કોઠારી ડો. શ્રી સંતવલ્લભદાસજી સ્વામીને “સારસ્વતાલંકાર” ઉપાધિથી સન્માન કરવામાં આવ્યા હતા.

કાશીના વિદ્વાનો દ્વારા આ રીતે સન્માનિત થવું એ સ્વામિનારાયણ સંપ્રદાય તથા ગુરુકુલ પરિવાર માટે એક ગૌરવની ઘટના છે. આ ક્ષણને વધાવવા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે તા. ૩૧ ઓગષ્ટના રોજ ભવ્ય સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો.

સમારોહના પ્રારંભે પૂજ્ય સ્વામીજી, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય હરિસ્વરૂપદાસજી સ્વામી, પૂજ્ય સંતવલ્લભદાસજી સ્વામી વગેરે સંતો-મહાનુભાવોએ વૈદિક પ્રાર્થના સાથે ભગવાન શ્રીસ્વામિનારાયણને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

કાશીમાં યોજાયેલ સેમિનારમાં બે દિવસ હાજર રહેનાર સાગર યુનિ.ના કુલપતિશ્રી બળવંત જાનીએ પ્રારંભે પ્રાસ્તાવિક પ્રવચન કરી સંપૂર્ણ અહેવાલ પ્રસ્તુત કર્યો હતો. ત્યારબાદ દર્શનમ્ સંસ્કૃત સંસ્થાનના ડાયરેક્ટર શ્રી રામપ્રિયજીએ કાશીના વિદ્વાનો દ્વારા અક્ષરપુરુષોત્તમ મતનું ખંડન અને મૂળ શ્રી સ્વામિનારાયણ સિદ્ધાંતનું મંડન કરી જે પ્રમાણપત્ર આપેલ તેનું વાંચન કર્યું હતું. આ પ્રસંગે મૂળ સંપ્રદાય વતી ઉપસ્થિત વડતાલ મંદિરના કોઠારી શ્રી સંતવલ્લભદાસજી સ્વામીને એ પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. સાથે સાથે કાશીના વિદ્વાનોએ એમને આપેલ “સારસ્વતાઅલંકાર” ઉપાધિનું સન્માનપત્ર અર્પણ કર્યું હતું.

પૂજ્ય સ્વામી શ્રી માધવપ્રિયદાસજી જાગતા સાધુ છે. તેઓની વિદ્વત્તા અજોડ છે. તેઓ કવિ છે, લેખક છે, ઉત્તમ વક્તા છે. એમના હસ્તે શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે અનેક સેવાકાર્યો થયા છે. સમાજસેવાનો તેમણે ભેખ લીધો છે. દેશ-વિદેશમાં સતત પરિભ્રમાણ કરી એમણે હંમેશાં હિન્દુ સનાતન ધર્મનું પોષણ કર્યું છે. અનેક લોકોને નિર્વ્યસની કર્યા છે, સદાચારી કર્યા છે, મોક્ષમાર્ગે અગ્રેસર કર્યા છે. ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ તથા અનેક મહાન સંતોનો એમણે રાજીપો પ્રાપ્ત કર્યો છે. અનેક પ્રતિભાના સ્વામી હોવા છતા એમનું નિર્મળ અને સરળ જીવન સૌને આકર્ષે છે. આ તમામ સદ્‌ગુણો અને સત્કાર્યોને ધ્યાનમાં રાખીને પૂજ્ય સ્વામીજીનો કાશીના વિદ્વાનો દ્વારા ‘વેદાંતવિદ્યામાર્તન્ડ’ ઉપાધિથી સન્માનિત કર્યા.

આ સન્માનપત્રનાં વાંચન બાદ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, સંતો તથા મહાનુભાવોએ પૂજ્ય સ્વામીને હાર તથા શાલ ઓઢાડી સન્માનપત્ર અર્પણ કર્યું ત્યારે સમગ્ર સભાગૃહ તાળીઓના ગડગડાટ સાથે ગુંજી ઊઠ્યો હતો.

ત્યારબાદ પૂજ્ય સ્વામીજી તથા કોઠારી સંતવલ્લભદાસજી સ્વામીને સન્માનિત કરવા ખૂબ મોટી સંખ્યામાં સાહિત્યકારો, સમાજસેવકો, ધર્મસંસ્થાના વડાઓ, ઉદ્યોગપતિઓ તથા ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા અને ભારે ઉમળકાથી બન્ને સંતોનું સન્માન કર્યું હતું. જેમાં મા ઉમિયાધામ, સરદારધામ, ડીવાઈન મિશન, સૌરાષ્ટ્ર લેવા પટેલ સમાજ, વિશ્વ હિન્દુ પરિષદ, આર.એસ.એસ., ઝાલાવાડ-ખાખરિયા સમાજ વગેરે સંસ્થાઓના આગેવાનો આ સન્માનમાં જોડાયા હતા.

ખાસ આ પ્રસંગે ગુજરાતના સુપ્રસિદ્ધ કવિ રાજેન્દ્ર શુક્લ, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિ.ના નવનિયુક્ત કુલપતિશ્રી સુકાન્ત સેનાપતિજી તથા ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ ઝાનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પદ્મશ્રી કુમારપાળભાઈ દેસાઈ, પદ્મશ્રી ભીખુદાનભાઈ ગઢવી, કવિશ્રી માધવ રામાનુજ, પ્રો. વસંતભાઈ ભટ્ટ, વસંતભાઈ ગઢવી સાહેબ, ભદ્રાયુ વચ્છરાજાની વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સભાનું સંચાલન પ્રો. અશ્વિન આણદાણીએ કર્યું હતું.

શ્રદ્ધાસુમન

અ.નિ. શ્રી જીગર ગોરધનભાઈ સાવલિયા :- અમદાવાદ નિવાસી શ્રી જીગર સાવલિયા તા. ૨૩ ઓગષ્ટ ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. ખૂબ નાની ઉંમરે અક્ષરવાસી થયેલા જીગરના પવિત્ર આત્માને શ્રીજી મહારાજ પોતાના ચરણોનું સુખ આપે અને સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ધનજીભાઈ નારણભાઈ ભોજાણી :- લંડન નિવાસ શ્રી ધનજીભાઈ ભોજાણી તા.૨૫ ઓગષ્ટ ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ શ્રી ધનજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર વસંત, હિતેશ તથા સર્વે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ભોળાભાઈ વિઠ્ઠલભાઈ ગોંડલિયા :- નિકોલ અમદાવાદ નિવાસી પ.ભ. શ્રી ભોળાભાઈ ગોંડલિયા તા.૦૪ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવારશ્રી ખૂબ સારો સત્સંગ રાખે છે. ભોળાભાઈની સેવાઓ અજોડ રહી છે. ભગવાન શ્રીહરિ ભોળાભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો રોહિત, વિપુલ, વિશાલ તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી નરેન્દ્રસિંહ ગીજુભાઈ ઝાલા :- ગામ નારીચાણા, હાલ રાજકોટ નિવાસી શ્રીનરેન્દ્રસિંહ ઝાલા તા ૫ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ નરેન્દ્રભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમન સુપુત્ર અભિજીતસિંહ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી રમણીકભાઈ કેશુભાઈ ધામેલિયા :- સુરત નિવાસી શ્રી રમણીકભાઈ ધામેલિયા ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રી હરિ રમણિકભાઈના આત્માને પોતાના ચરણોનું સુખ આપે અને અણધાર્યા આવેલ દુઃખમાં સુપુત્ર હર્ષદભાઈ, આશિષભાઈ વગેરે સર્વે પરિવારજનોને ધીરજ પ્રાર્થના અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી મંજુબેન જીતેશભાઈ વેકરીયા :- મૂલ બળદીયા હાલ ડલાસ નિવાસી શ્રી મંજુબેન ૩૦ ઓગષ્ટ ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. આ આખો પરિવાર મહારાજ તથા સંતોની આજ્ઞામાં રહિ ખુબ સારી સેવા સાથે સત્સંગ કરે છે. એમના પિતાશ્રી નારાયણભાઈ વરસાણી ગુરુકુલના સંનિષ્ઠ સેવક છે. ભગવાન શ્રીહરિ મંજુબેનના આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી વિલાસબેન બટુકભાઈ સોલંકી :- કમી કેરાળા નિવાસી શ્રી વિલાસબેન સોલંકી અક્ષરવાસી થયા છે. ગુરુકુલમાં પાર્ષદ રહિ અખંડ સેવામાં રત કનુભગતજીના પરિવારના શ્રી વિલાસબેન સોલંકીના આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી રળિયાતબેન છગનભાઈ ભંડેરી :- ગામ નાળિયેરી મોલી નિવાસી શ્રી રળિયાતબેન ૨૦ ઓગષ્ટ ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. આ આખો પરિવાર મહારાજ તથા સંતોની આજ્ઞામાં રહિ ખૂબ સારી સેવા સાથે સત્સંગ રાખે છે. ભગવાન શ્રીહરિ રળિયાતબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ સુપુત્ર કનુભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઇ

પ.ભ. શ્રી જયેશભાઈ શેઠ, મુંબઈ
પ.ભ. શ્રી હર્ષદભાઈ પાનસુરિયા, અમદાવાદ
પ.ભ. શ્રી જૈમિન સુરેશભાઈ વિરડિયા, અમદાવાદ
પ.ભ. શ્રી ચંદ્રકાંતભાઈ સોલંકી, ગાંધીનગર
પ.ભ. શ્રી અરવિંદભાઈ માવજીભાઈ વરસાણી, કચ્છ
પ.ભ. શ્રી ઈશ્વરભાઈ પી. રાઠોડ, અમદાવાદ
પ.ભ. શ્રી પટેલ ધર્મેશભાઈ ઓધવજીભાઈ, અમદાવાદ
પ.ભ. શ્રી અભયભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી ચંદ્રકાંતભાઈ સોની, અમદાવાદ
પ.ભ. શ્રી કરસનભાઈ શામજીભાઈ શિયાણી, સામત્રા
પ.ભ. શ્રી રાજેશભાઈ જોષી, અમદાવાદ
પ.ભ. શ્રી લાલજીભાઈ શિવજીભાઈ મેગાણી, અમદાવાદ
પ.ભ. શ્રી જયસુખભાઈ ભાલોડીયા, જામનગર
પ.ભ. શ્રી જતીનભાઈ અમીન, અમદાવાદ
પ.ભ. શ્રી જીગરભાઈ તથા સાગરભાઈ પટેલ, અમદાવાદ
શ્રી જીગ્નાબેન કે. પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી ખુશાલભાઈ એ. પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી કનૈયાલાલ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી મહાદેવભાઈ પટેલ તથા દયાળજી મામા, અમદાવાદ
પ.ભ. શ્રી બાબુભાઈ જોઈતારામભાઈ પટેલ, USA
શ્રી ચંદ્રિકાબેન ધર્મેશભાઈ પટેલ, અમદાવાદ

આગામી આયોજન

તા. ૧૦/૧૦/૨૩, મંગળવાર : **ઇન્દિરા એકાદશી :**
તા. ૨૦થી ૨૨/૧૦/૨૩ : **અખિલ ભારતીય વૈદિક સંમેલન,** છારોડી ગુરુકુલ
તા. ૨૩/૧૦/૨૩, સોમલવાર : **હરિજયંતી :** સવારે શ્રી નીલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન. મેમનગર ગુરુકુલ
તા. ૨૫/૧૦/૨૩, બુધવાર : **પાંશાકુશા એકાદશી :** કીર્તનભક્તિ સાંજે ૮:૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ
તા. ૨૯/૧૦/૨૩, રવિવાર : **શરદોત્સવ :** રાત્રે ૮-૩૦ કલાકે, છારોડી ગુરુકુલ

SGVP®
HOLISTIC HOSPITAL
FUSION OF MODERN AND TRADITIONAL HEALTHCARE

SGVP वात्सल्य
A HOLISTIC CHILD CARE

બાળકોના સ્વાસ્થ્યની
તપાસ અને સારવાર

પિડીયાટ્રીક્સ સુપરસ્પેશિયાલિસ્ટ વિભાગ

- **Pediatric Cardiology & Surgery**
  (બાળ હૃદયરોગ અને સર્જરી)
- **Pediatric Pulmonology**
  (બાળકોના ફેફસાં અને શ્વાસને લગતા રોગો)
- **Pediatric Neurology and Surgery**
  (બાળકોના ચેતાતંત્ર અને મગજને લગતા રોગો)
- **Pediatric Gastroenterology**
  (બાળકોના આંતરડાં અને પેટને લગતા રોગો)
- **Pediatric Rheumatology**
  (બાળકોને થતો સંધિવા)
- **Pediatric Nephrology**
  (બાળકોની કીડનીને લગતા રોગો)
- **Pediatric Surgery**
  (બાળરોગ સર્જરી)
- **Pediatric Endocrinology**
  (બાળકોને હોર્મોન્સને લગતા રોગો)
- **Pediatric Urology**
  (બાળકોના મૂત્રમાર્ગને લગતા રોગો)
- **Pediatric Orthopaedic**
  (બાળકોના હાડકાંને લગતા રોગો)
- **Pediatric Haematology**
  (બાળકોના લોહીને લગતા રોગો)
- **Physiotherapy and Rehabilitation**
  (બાળ ફિઝીયોથેરાપી અને રિહેબિલિટેશન)
- **Vaccine and Immunisation**
  (બાળ રસીકરણ)
- **NICU & PICU Unit**
  નિયોનેટલ અને પિડીયાટ્રીક ઈન્ટેન્સીવ કેર યુનિટ

આયુષ્માન ભારત (PM- JAY) યોજના અંતર્ગત
બાળ હૃદયરોગની સારવાર વિનામુલ્યે કરી આપવામાં આવશે.

એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક : 95122 00129, 02717 240001

SGVP કેમ્પસ, નિરમા યુનિ. સામે, S.G. હાઈવે, અમદાવાદ.

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2022-2024
Valid Upto 31-12-2024 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/NG/92/2022-2024 valid upto 31-12-2024. Date of Publication is 25th of every month.

શ્રીસ્વામિનારાયણ સનાતન મંદિર સવાનાહ ખાતે શ્રાવણ મહિના દરમિયાન વિવિધ આયોજનો અંતર્ગત ભગવાનને ધરાવેલ ફલકૂટ, જરૂરિયાતમંદોને પ્રસાદનું વિતરણ તથા દ્વાદશ જ્યોતિર્લિંગનું પૂજન કરતા ભક્તજનો - અમેરિકા

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા સદ્‌ગુરુ સંતોના સાનિધ્યમાં

શરદોત્સવ

તારીખ : ૨૯ ઓક્ટોબર ૨૦૨૩, રવિવાર
સમય : રાત્રે ૮:૩૦ કલાકે

શ્રી ઘનશ્યામ મહારાજ પાટોત્સવ

તારીખ : ૨૮ ઓક્ટોબર,
૨૦૨૩ શનિવાર

અભિષેક : સવારે ૬:૪૫ કલાકે
અન્નકૂટ દર્શન : ૯:૩૦ કલાકે

સ્થળ :- શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્
(SGVP) છારોડી, અમદાવાદ

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat